CC NO. 1172/ 2026

**છોટાઉદેપુરના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. છોટાઉદેપુર**

**આંક–**

ફરીયાદી ::: શ્રી સરકાર

**વિરુદ્ધ**

આરોપીઓ ::: ૧) અજમેરસિંહ સકરીયાભાઈ દુકાલ
રહે. તાતી અમ્બા ચોકીદાર ફળીયા તા.ભાભરા,
જી. અલીરાજપુર(એમ.પી.)
૨). સગીરભાઈ ઉર્ફે નીરૂ કાલીયાભાઈ વસોનીયા (ભીલ)
રહે. ગીરધા, વેલા ફળીયા, તા.ભાભરા,જી.અલીરાજપુર, (એમ.પી.)
૩). મહેશભાઈ હુનીયાભાઈ રાઠવા
રહે. સુર્યાઘોડા, પટેલ ફળીયુ, તા. બોડેલી, જી.છોટાઉદેપુર

# બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૨ હેઠળ હુકમ

૧. સદરહું કામે છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં–૧૧૧૮૪૦૦૨૨૫૧૩૨૦/૨૦૨૫ થી પ્રોહી. અધિનિયમ કલમ ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૧૧(૩) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામે આરોપીઓ અત્રેની કોર્ટમાં ઉપસ્થિત થતાં તેમને પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાત્રી કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓએ ખાનગી વકીલ રોકવા ઈચ્છા વ્યકત કરેલ છે.

૩. આ કામે પ્રોહી. અધિનિયમ કલમ ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૧૧(૩) મુજબનો ગુનાનો આક્ષેપ છે, પરંતુ સદરહું ગુનાની ઈન્સાફી કાર્યવાહી હકૂમત અત્રેની કોર્ટને ન હોય, માત્ર નામ. સેશન્સ કોર્ટને જ હોવાથી હું આ કેસ નામ.સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર નાઓને સુપ્રત કરતો નીચે મુજબનો હુકમ કરું છું.

CC NO. 1172/ 2026

# **હુ ક મ**

૧. સદરહું કેસ બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૨ હેઠળ નામ.સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર નાઓને સુપ્રત કરવો.

૨. આ કેસનું તમામ રેકર્ડઝ તથા મુદ્દામાલ નામ.સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર નાઓને સુપ્રત કરવું.

૩. આ કેસ કમીટ થયાની જાણ વિ.પબ્લિક પ્રોસીકયુટરશ્રી, છોટાઉદેપુર નાઓને કરવી.

૪. આરોપીઓએ તા.**૨૦/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૧/૦૦** કલાકે નામ.સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર મુકામે ઉપસ્થિત રહેવું.

હુકમ આજ તા.૦૬ મી, માહે.જુલાઇ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૬/૦૭/૨૦૨૬
છોટાઉદેપુર

( એ.એમ.મેમણ )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર.
જીજે ૦૧૨૫૧